હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સનો ઊપયોગ નેતાજી કરશે ત્યારે નવી વાત આવશે... ત્યાં સુધી આ વાત સાંભળે રાખ...!!

સેક્ટર-૧૬ પોલીસ સ્ટેશનની પાસે ખુબ કચરો જોવા મળી રહ્યો છે. અહીંથી કચરો ઉઠાવવામાં આવતો ન હોવાથી વરસાદમાં ખુબ જ ગંદકી ફેલાય છે.

શહેરના ગ-૪ પાસે યુવક પર જીવલેણ હુમલો

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન બહાર રાત્રીના સમયે રોડ સાઈડ પાર્કિંગમાં ઉભી રહેલી ગાડીમાં પત્નીને અન્ય યુવક સાથે બેઠેલી જોઈ જતા પતિના મગજનો પારો છટક્યો હતો. ત્યારબાદ પતિએ યુવક પર તિક્ષ્ણ હથીયાર વડે હુમલો કર્યો હતો. જેમાં યુવકને પેટ તેમજ હાથના ભાગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવકને ગાંધીનગર સિવિલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સઘન સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા.બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ બી પ્લોટ નં. ૭૪૫-૨ ખાતે રહેતા નિકુંજ રમેશચંદ્ર પારેખના મોટાભાઈ વિકાસના અઢી વર્ષ અગાઉ છુટાછેડા થઈ ગયા છે. ગતરોજ રાત્રીના સમયે નિકુંજની પત્નીના મોબાઈલ ફોન પર કોઈ વ્યકિતનો ફોન આવ્યો હતો કે તમારા ભાઈ વિકાસને ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે લઈને આવ્યા છે.જયારે ડોકટર તેઓને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવાનું કહે છે. જેથી નિકુંજ તેની પત્ની સાથે ગાંધીનગર સિવિલ ખાતે દોડી ગયા હતા. જયાં વિકાસની પ્રાથમિક સારવાર શરુ હતી.ત્યારે નિકુંજે પુછપરછ કરતા વિકાસે દાવો કર્યો હતો કે તેને તેની મહિલા મિત્રએ ફોન કરીને કહ્યું કે તમારા કોઈ મિત્ર મોરેશિયસના વિમાનું કામ કરતા હોવાથી વાત કરવી છે. જેથી વિકાસે ગ-૪ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે મહિલાને બોલાવી હતી.થોડીવાર બાદ મહિલા ત્યાં પહોંચી ગઈ હતી.ત્યારબાદ બંન્ને જણા ગાડીમાં બેસીને વાતચીત કરી રહ્યા હતા. તે સમય દરમિયાન મહિલાનો પતિ બંન્ને સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનની બહાર પાર્કિંગમાં રોડની સાઈડમાં બેઠેલા જોઈ ગયો હતો અને અચાનક ઉશ્કેરાઈ ગયો હતો. વિકાસના પેટના ભાગે તિક્ષ્ણ હથીયાર અચાનક મારી દીધુ હતુ. જયારે બચાવ માટે વિકાસે જમણો હાથ આગળ ધરતા હાથ પર પણ ઈજા પહોંચી હતી. ત્યારબાદ મહિલા ગભરાઈ જતા ગાડીમાંથી નીચે ઉતરી ગઈ હતી. જેથી વિકાસ ગાડી લઈ જતો રહ્યો હતો. પરંતુ ઉદ્યોગ ભવન સામે ચક્કર આવતા કાર ઉભી રાખતા લોહીથી લથબથ હાલતમાં રાહદારીઓ જોઈ જતા ૧૦૮ બોલાવી લીધી હતી. ત્યારબાદ ગાંધીનગર સિવિલમાં વિકાસની પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ખૂણેખાંચરેથી

●ગાંધીનગર શહેરમાં આજ સુધીમાં ૭૬ હજાર જેટલા મિલ્કતધારકોએ મિલ્કતવેરો જમા કરાવ્યો છે.

●ગાંધીનગર શહેરમાં વીજમાંગ સતત વધતાં ક્યાંક ટ્રીપીંગ થયાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

●જિલ્લામાં થયેલા ભારે વરસાદ પછી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે નાના ખેડૂતોએ શાકભાજીના પાકોના કરેલા વાવેતરને નુકશાન થયુ છે.

●ગાંધીનગર જિલ્લામાં ગુડા દ્વારા ચોમાસામાં પણ કામો ગ્રામ્ય વિસ્તારમાં ચાલુ રાખવામાં આવતાં ગ્રામજનોની પરેશાની વધી છે.

●જિલ્લા પંચાયતની મેલેરિયા શાખાના બે મલ્ટી પરપઝ સુપરવાઈઝરોની બદલી કરવામાં આવી છે.

●ગાંધીનગર જિલ્લાતંત્ર આજે ત્રીજો શનિવાર હોવાથી વિવિધ બેઠકોમાં વ્યસ્ત રહેશે.

●આજે મનપાની ટી.બી. ફોરમની બેઠક મ્યુનિ. કમિશનરના અધ્યક્ષસ્થાને યોજાશે.

●ગાંધીનગર શહેરમાં આજે ચંદ્રયાન-૩નું લોચિંગ વિજ્ઞાનમાં રસ ધરાવતા નગરજનોએ નિહાળી ખુશીથી ઝુમ્યા હતા.

●કલોલના ડાભલા ચોકડી નજીક કારે બાઈકને ટક્કર મારતાં એકનું કરૂણ મોત થવા પામ્યુ છે.

●ગાંધીનગરના ખોરજ ખોડિયાર રેલ્વે સ્ટેશનથી એસ.જી. હાઈવે સુધીના માર્ગ પર કાદવ કીચડનું સામ્રાજ્ય.

●કલોલના સબાસપુર ગામે જુગાર રમતા ૩ ઈસમોને સાંતેજ પોલીસે ઝડપ્યા.

●પેથાપુરમાં ગાડી પાર્ક કરવા બાબતે ચાર શખ્સોનો યુવાન પર હુમલો.

●જિલ્લા ભાજપની પખવાડિક બેઠક આજે પ્રભારી અશોકભાઈ ચૌધરી અને ધારાસભ્ય જે.એસ. પટેલની ઉપસ્થિતિમાં જિલ્લા પ્રમુખના અધ્યક્ષસ્થાને મળી હતી.

●પેથાપુર ખાતે બ્રહ્મસમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન ૧૬મી જુલાઈના રોજ યોજાયુ છે.

●રાજપૂત સંગઠનોની સંકલન સમિતિના કાર્યાલયનો ૧૭મીથી સરગાસણ ખાતે આરંભ થશે.

●ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઓછુ જણાયુ હતુ.

●રસીકરણ અંગે ટાસ્ક ફોર્સની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને આજે મળશે.

પ્રાંતિયા બ્રીજ પર અતુલ રીક્ષાને ડમ્પર ચાલકે ટકકર મારતા એકનું મૃત્યું

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગરના પ્રાંતિયા બ્રીજ પર અતુલ લોડીંગ રીક્ષાને ડમ્પર ચાલકે પાછળથી ટક્કર મારતા રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. અકસ્માત રીક્ષા ચાલકને માથાના પાછળના ભાગે તેમજ તેના સસરાને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા કરૂણ મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે રીક્ષા ચાલકે ડમ્પર ચાલક સામે ફરીયાદ નોંધાવતા ડભોડા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ અમરા ઈવાડી હનુમાનનગર વિભાગ-૧ ખાતે રહેતા કિશન વિનોદભાઈ વાઘેલા પરિવાર સાથે રહે છે. જયારે નારોલ ખાતે આવેલી જય સધી ફર્નિચર વુડન ટ્રેડર્સની દુકાનમાં કિશન અને તેના સસરા ચલાવે છે. ફર્નિચરનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવું છું. જયારે ફરીયાદી પોતાના મિત્રની લોડીંગ રીક્ષા જી.જે.૨૭.ટી.બી.-૩૮૧૭ માં લાકડાનો બેડ તેમજ હાથલારી ભરી ઈડર ખાતે સગાને આપવાની હતી.જેથી રીક્ષામાં ભરી સસરા અને જમાઈ રીક્ષા લઈ અમદાવાદ થી રવાના થયા હતા. સવારના પોણા સાત વાગ્યાના અરસામાં જમાઈ રીક્ષા ચલાવી રહ્યા હતા અને સસરા બાજુમાં બેઠા હતા. ત્યારે રીક્ષા પ્રાંતીયા બ્રીજ પર થી પસાર થઈ રહી હતી તે સમયે અચાનક પાછળથી ડમ્પર નં. જી.જે.૩૧.ટી.-૬૪૯૨ ના ચાલકે રીક્ષાને ટક્કર મારી હતી. જેથી રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. જેમાં ફરીયાદીને માથાના ભાગે ઈજા પહોંચી હતી.જયારે તેના સસરાને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોચી હતી. અકસ્માતને પગલે રાહદારીઓ એકઠા થઈ ગયા હતા. બનાવને પગલે ૧૦૮ આવી જતા સારવાર ચાલી રહી હતી તે દરમિયાન અચાનક તબિયત લથડતા તેમનુ મૃત્યુ નિપજયું હતું. ત્યારબાદ ફરીયાદીએ પરિવારને જાણ કરતા હોસ્પિટલ ખાતે દોડી પહોંચ્યા હતા. બનાવ અંગે યુવકે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

બોપલના બંગ્લોઝમાં પોલીસનું સર્ચ ઓપરેશન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના પૂર્વ કલેકટર એસ.કે.લાંગાને અપ્રમાણસર મિલકત અને જમીન કૌભાડમાં પોલીસે ધરપકડ કરી છે. ત્યારે પૂર્વ કલેકટરના પાંચ દિવસના રીમાન્ડ દરમિયાન સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ બોપલના બંગ્લોઝ ખાતે સર્ચ ઓપરેશન હાથ ધરીને પંચનામુ કર્યું હતું.જયારે પોલીસ સુત્રોના દાવા પ્રમાણે તેઓને ત્યાંથી કેટલાક મહત્વના દસ્તાવેજ મળ્યા હોવાનું સામે આવ્યું છે.જયારે હાલ પુરાવાની સ્કુટીની ચાલે છે. જયારે રાઈસ મીલના ભાગીદારની પણ પુછપરછ કરી હતી અને રાઈસમીલમાંથી પણ કેટલાક દસ્તાવેજ કબ્જે લીધા હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે પૂર્વ કલેકટર લાંગાની પુછપરછમાં હજુ પણ કેટલીક માહીતી સામે આવી શકે તેમ છે.

હોટલ હીલસીટી સામે માર્ગ પર બાઈક સ્લીપ ખાઈ જતા યુવકનું મૃત્યું

ડીવાઈડર સાથે બાઈક ટકરાતા યુવકને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી, યુવક બાઈક લઈ સરગાસણ પીઓપીનું કામ કરવા માટે આવી રહ્યો હતો.

ગાંધીનગર, તા.૧૪

સરગાસણની સોસાયટીમાં ચાલી રહેલા પીઓપીના કામ માટે યુવકે બાઈક લઈ આવી રહ્યો હતો. ત્યારે બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી યુવકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક ડીવાઈડર સાથે ટકરાયું હતું. આ બનાવમાં યુવકને શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચી હતી. ત્યારે અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન યુવકનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ વડોદરા આજવા રોડ પર લક્ષ્મીનગર ખાતે રહેતા આફતાબ અબ્દુલ હલીમ ખાન સાથી શ્રમિકો સાથે રહીને પીઓપીનું કામ કરે છે. ફરીયાદીની સાથે યુપીનો ગુફરાન અહેમદ અબ્દુલ રહેમાનખાન (રહે.અલીગઢવા તા.નૌગઢ જી.સિધ્ધાર્થનગર) છેલ્લા પાંચ માસથી રહીને પીઓપીનુ કામ કરતો હતો. ગત તા.૨ જુલાઈના રોજ સવારે ફરીયાદી બરોડા થી ગાંધીનગર ખાતે સરગાસણ મારૂતિ આમ્રકુંજ સોસાયટી ખાતે પીઓપીનું કામ ચાલી રહ્યું હતું. જેથી બરોડા થી સવારે બસમાં બેસી સીટીએમ ખાતે જવા માટે નીકળ્યો હતો.જયારે ગુફરાન ગાંધીનગર થી સીટીએમ ખાતે અમારા મિત્રનું બાઈક નં.જી.જે.૦૬.એન.ઈ-૪૨૭૯ લઈ આવવા માટે નીકળ્યો હતો. તે સમયે ફરીયાદી રસ્તામાં હતા, ત્યારે અગીયાર વાગ્યાના સમયે ગુફરાનના મોબાઈલથી કોઈ વ્યકિતએ ફોન કર્યો હતો અને કહ્યું કે આ મોબાઈલવાળા ભાઈ બાઈક લઈ જઈ રહ્યા હતા તે સમયે હોટલ હિલ સીટી સામે બાઈક પરથી બેલેન્સ ગુમાવતા ડીવાઈડર સાથે ટકરાતા ગંભીર ઈજા પહોંચી છે. જેથી યુવકને ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા.જયારે ફરીયાદી પણ રીક્ષા કરી ગાંધીનગર સિવિલ આવી પહોંચ્યા હતા. તેઓએ આવીને જોયુ તો ગુફરાન અર્ધબેભાન અવસ્થામાં સારવાર હેઠળ હતો.ત્યારબાદ યુવકને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવ્યો હતો.જયાં માથાના ભાગે ગંભીર ઈજાને પગલે યુવકનુ સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૨૧ પાર્લર પાસે જમાઈને સસરા-સાળાએ લાકડીઓ ફટકારી

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૨૧ ખાતે આવેલા પાન પાર્લરના માલિક અને તેના દિકરાએ જમાઈને લાકડી તેમજ ગડદાપાટુનો માર માર્યો હતો. જમાઈ પત્નિને મોકલવા અંગે વાતચીત કરવા માટે ગયા હતા. તે સમયે બાપ-દિકરો એકદમ ઉશ્કેરાઈ જતા મામલો બિચકયો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. મળતી વિગત મુજબ અમદાવાદમાં રહેતો યુવક બેંગ્લોર એકસેચર કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. જેના લગ્ન વર્ષ ૨૦૧૬માં ગાંધીનગરની યુવતી સાથે સમાજના રીત-રીવાજ મુજબ થયા હતા. છેલ્લા છ માસથી પરિણિતા મુંબઈમાં અલગથી રહે છે. જેથી ગતરોજ બપોરે યુવક સેકટર-૨૧ ખાતે પાન-પાર્લર પર જઈને સસરાને કહ્યું કે તમારી દીકરી મારી સાથે રહેતી નથી તો તમારે છુટાછેડા લેવાના છે કે શું તમે મને કહો તેમ કહેતા સસરાએ મને કંઈ પણ ખબર નથી તેમ કહીને ઉડાઉ જવાબ આપ્યો હતો. જેથી યુવકે જણાવ્યું કે અગાઉ પણ ત્રણ ચાર વાર તમારા ઘરે આવ્યો છું પણ તમે કંઈ બોલતા નથી.તમારી દિકરી મારી સાતે રહેવા માંગતી નથી. જેનુ કોઈ નિરાકરણ લાવો. આ વાતચીત દરમિયાન સાળો આવી જતા તે કહેવા લાગ્યો કે આના બાપને ફોન લગાવો કહી ગાળાગાળી કરવા લાગ્યો હતો. ત્યારબાદ અચાનક બાપ-દિકરો ઉશ્કેરાઈ જતા જમાઈને ગાળો બોલીને લાકડીઓ ફટકારી હતી.

જેમાં જમાઈને આંખના ભાગે ઈજા પહોંચી હતી. જયારે સાળાએ ગડદાપાટુનો માર મારતો હતો તે દરમિયાન અન્ય સાળો રોશન આવી જતા વધુ મારમાંથી બચાવ્યો હતો. બનાવ અંગે જમાઈએ સસરા અને સાળા સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

"સહજાનંદ સ્કુલ ઓફ એચીવર" માં પ્રાંતિજ મુકામે બાલમંદિર ના બાળકોને વસ્તુ ની ઓળખ આપી તેના રંગ વિષે તેમને જાણકારી મળે તે માટે આજે "Mango Day" અને "Salad Day" ઉજવ્યો હતો. તેમાં બાળકોએ ખુબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

ઈવેન્ટ મેનેજમેન્ટનો વ્યવસાય કરનાર માટે

ગિફ્ટસિટી ખાતે ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન દ્વારા તાલીમ કાર્યક્રમ

ગાંધીનગર,તા.૧૪

ગુજરાત સરકાર દ્વારા ઉદ્યોગસાહસિકો તૈયાર કરવા માટે વિવિધ ક્ષેત્રમાં નિયમિત રીતે ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમોનું આયોજન સમગ્ર ગુજરાતમાં નિયમિત રીતે કરે છે. ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન- કેદ દ્વારા ગિફ્ટસિટી, ગાંધીનગર ખાતે આવેલ વરેણ્યંમ્ ફાઉન્ડેશન ખાતે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિશ્વમાં સૌથી વધારે રોજગારી ઉપલબ્ધ કરાવતા 'ઈવેંટ મેનેજમેન્ટ ક્ષેત્ર' માં એક સ્વતંત્ર વ્યવસાય કરવા ઈચ્છુક સાહસિકોને ૧૨ દિવસની સઘન તાલીમ આપવામાં આવશે અને ત્યાર બાદ તેમણે વ્યવસાય કરવા માટે જરૂરી તમામ મદદ પણ આપવામાં આવશે.

વિવિધ ઈવેન્ટ ક્ષેત્રના ખૂબ અનુભવી, સફળ અને પ્રચલિત તજજ્ઞો દ્વારા ઈવેંટ મેનેજમેન્ટ માટે જરૂરી નાણાકીય વ્યવસ્થા, એકાઉન્ટ, રાજય,રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ વિવિધ તકો, વિવિધ પ્રકારનાં કાર્યક્રમોનું આયોજન, રિસ્ક મેનેજમેન્ટ, કાનૂની પ્રક્રિયાઓ, વેન્ડર મેનેજમેન્ટ જેવા વિષયો ઉપરાંત કોઈ પણ સરકારી યોજનાનો લાભ લેવા માટે પ્રોજેક્ટ રિપોર્ટ કેવી રીતે બનાવવો તે શીખવવામાં આવશે. આ કોર્સ બાદ ભાગ લેનાર દરેકને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. રોજ સાંજે ૬.૩૦ થી ૮.૩૦ દરમ્યાન ૧૨ દિવસ માટે આ તાલીમ આપવામાં આવશે જેથી ચાલુ વ્યાવસાયી પણ પોતાના રોજિંદા કાર્ય પૂર્ણ કર્યા પછી આ તાલીમમાં જોડાઈ શકે અને તેનો લાભ લઈ શકે. આ તાલીમ ગુજરાત સરકાર દ્વારા યોજાઈ રહી હોવાથી માત્ર ટોકન ફી – જનરલ અને ઓબીસીનાં પુરુષ ઉમેદવાર માટે રૂ.૫૦૦/- મહિલા ઉમેદવાર માટે રૂ. ૨૦૦ અને અનુસૂચિત જાતિ, જનજાતિ કે અપંગ વ્યક્તિઓ માટે માત્ર રૂ. ૨૫ જ છે. આ તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સંપર્ક નંબર ૯૬૪૮૬ ૯૬૫૮૬ પર સંપર્ક કરી શકાશે.

સે-૩૦ કમ્ફર્ટ ઓટો મોબાઈલ્સમાંથી યામાહા એફઝેડ બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૩૦ સ્થિત પ્લોટ નં.૧૮ જી.ટી.એસ. નજીક કમ્ફર્ટ ઓટો મોબાઈલ્સમાંથી ગઈકાલે સાંજના સમયે રૂ.૧.૧૬ લાખનું નવું યામાહા એફ ઝેડ બાઈકની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે. બાઈક ચોરી અંગે શો રૂમના માલિકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૮ પ્લોટ નં.૪૫૭-૨ ખાતે પ્રદ્યુમનસિંહ રામસિંહ ચૌહાણ પરિવાર સાથે રહે છે. તેઓ સેકટર-૩૦ પ્લોટ નં.૧૮ જીટીએસ ખાતે યામાહા ટુ-વ્હીલર્સ વાહનનો કમ્ફર્ટ ઓટો મોબાઈલ્સના નામે શો-રૂમ ધરાવે છે. ગત તા.૧૭ ફેબુઆરીના રોજ શો રૂમમાં વેચાણ માટે ઈન્ડીયા યામાહા મોટર પ્રા.લિ.કંપનીમાંથી યામાહા એફઝેડ બાઈક વેચાણ માટે ખરીદી હતી. ત્યારે નવીન બાઈક સેકટર-૩૦ ખાતે શો-રૂમની જગ્યામાં મુક્યું હતું. ગત તા.૭ જુલાઈના રોજ પાંચ વાગે સ્ટોક ચેક કરતા બાઈક પડ્યું હતું. જયારે ગત તા.૧૩ ના રોજ સાંજના સાત વાગે શો-રૂમની જગ્યામાં પાર્ક કરેલા બાઈક યામાહા એફઝેડની ટેસ્ટ ડ્રાઈવ હોવાથી તેઓ સ્થળ પર જઈને જોયુ તો બાઈક જગ્યા પર ન હતું.જેથી શો રૂમમાં કામ કરતા કર્મચારીઓ સાથે બાઈક અંગે પુછપરછ કરી હતી.પરંતુ બાઈક અંગે કોઈ જાણકારી મળી ન હતી. જેથી યામાહા એફઝેડ બાઈક આજદીન સુધી શોધખોળ કરવા છતા મળી ન આવતા બાઈક ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

ગજાનન સેવા સમિતિ દ્વારા આગ લાગે ત્યારે શું કરવુ અને અગ્નિશામક મશીનનો ઉપયોગ કરવા માટે હિમ્મતપુર પ્રા. શાળામાં વાર્તાલાપ યોજાયો હતો. નિવૃત્ત ફાયરબ્રિગેડ અધિકારી રાજપુર દ્વારા આ અંગે સમજણ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને નવી જાણકારી મળતા ખુશ થયા હતા.

ડિઝાસ્ટર મેનેજમેન્ટની જાણકારી અંગે ખાસ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર,તા.૧૪

સાબરમતી યુનિવર્સિટી ખાતે આજે ખાસ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે વિવિધ જાણકારી આપતો કાર્યક્રમ યોજાઈ ગયો. એનએસએસ હેઠળના ખાસ પ્રોગ્રામમાં સાબરમતી યુનિવર્સિટી અને IHRDCના સહયોગથી ડિઝાસ્ટર સમયે કેવા કેવા પગલાં લેવા તેના વિશે ખાસ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત કરાવતા સાબરમતી યુનિવર્સિટીના ફેકલ્ટી ભાવિક રામાણી દ્વારા કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી હતી તેમજ યુનિવર્સિટીના પ્રો-વોસ્ટ ડૉ. કે.બી.વ્યાસ દ્વારા IHRDCના ડિરેક્ટર એચ.પી.પટેલને મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એચ.પી.પટેલ દ્વારા વિવિધ પ્રકારના ડિઝાસ્ટર સમયે કેવી તકેદારી રાખવી અને આગ લાગવાના કે ડૂબવાના સમયે કેવી રીતે પોતાને તેમજ બીજાને બચાવી શકાય તે બાબતે વિસ્તૃત જાણકારી આપી હતી સાથે જ યુનિવર્સિટીના ફેકલ્ટી મેમ્બર્સ પાસે ડિઝાસ્ટર સમયે કેવી રીતે બચાવ કરવો તે પણ કરાવવામાં આવ્યું હતું. કોઈપણ પ્રકારના ડિઝાસ્ટર સમયે ઉપયોગી વસ્તુઓની ખાસ સમજ આપવામાં આવી હતી તેમજ આ વસ્તુઓનો કેવી રીતે પૂરેપૂરો ઉપયોગ કરવો જેથી કોઈપણ નુકસાનથી બચી શકાય તેના વિશે સમજ આપવામાં આવી હતી.